મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૭ ટકા
ગાંધીનગર તાપમાન

શિવલિંગનુ પૂજન એટલે સમસ્ત બ્રહ્માંડનું પૂજન

લિંગ શબ્દ સૂક્ષ્મ શરીરના અર્થમાં પણ વપરાય છે, સૂક્ષ્મ શરીરના મૂળમાં ઓગણીસ તત્વ છે, પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ કાન નાક જીભ અને ત્વચા) પાંચ કર્મેંદ્રિયાં (હાથ પગ મુખ ગુદા અને ઉપસ્થ) પાંચ પ્રાણ (પ્રાણ અપાન સમાન વ્યાન ઉદાન) મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર..., આ બધાના દાતા શિવ છે..., પ્રલયકાળમાં ઓગણીસ તત્વો શિવમાં સમાય જાય છે

શિવાલયના નિજ મંદિરમાં જે શિવલિંગ હોય છે તેને આત્મલિંગ કે બ્રહ્મલિંગ કહે છે.અહી વિશ્વકલ્યાણ નિમગ્ન બ્રહ્માકાર વિશ્વાકાર પરમ આત્મા જ સ્થિત હોય છે.હિમાલય જેવું શાંત મહાન સ્મશાન જેવું સુમસામ શિવરૂપ આત્મા જ ભયંકર શત્રુઓની વચ્ચે રહી શકે છે અને તે જ કાલાતીત મહાકાલ કહેવાય છે અને તે જ સંતોષી તપસ્વી અપરિગ્રહી જીવન સાધનાનાં પ્રતિક છે.

તમામ દેવતાઓની પૂજા મૂર્તિના રૂપમાં થાય છે પરંતુ ભગવાન શિવના લિંગની પૂજા કેમ કરવામાં આવે છે? એકમાત્ર ભગવાન શિવ જ બ્રહ્મસ્વરૂપ હોવાના કારણે નિષ્કલ નિરાકાર કહેવામાં આવ્યા છે આ તમામ વેદોનો મત છે.શિવલિંગ શિવના નિરાકાર સ્વરૂપનું પ્રતિક છે.તમામ અંગ આકાર સહિત સાકાર અને અંગ આકારથી સર્વથા રહિત નિરાકાર રૂપ શબ્દથી ઓળખાતા પરમાત્મા છે એટલે તમામ ભક્તો લિંગ(નિરાકાર) અને મૂર્તિ (સાકાર) બંન્નેમાં ભગવાન શિવની પૂજા કરે છે.શિવથી અલગ જેટલા પણ દેવી-દેવતા છે તે સાક્ષાત બ્રહ્મ નથી.જે શ્રવણ-મનન અને કિર્તન આ ત્રણે સાધનોના અનુષ્ઠાનમાં સમર્થ ના હોય તેમને ભગવાન શિવના લિંગ અને મૂર્તિની સ્થાપના કરીને નિત્ય પૂજા કરે તો સંસાર સાગરથી પાર થઇ શકે છે. શિવપુરાણમાં કહ્યું છે કે મારા બે રૂપ છે સકલ અને નિષ્કલ. પહેલાં હું જ્યોતિઃસ્તંભ (જ્યોતિર્મય લિંગ) રૂપે પ્રગટ થયો. હું જ પરબ્રહ્મ પરમાત્મા છું. કલાયુક્ત અને અકલ મારા જ સ્વરૂપ છે. જીવો ઉપર અનુગ્રહ કરવું એ મારું કાર્ય છે. સર્વત્ર સમરૂપથી સ્થિત અને વ્યાપક હોવાથી હું તમામનો આત્મા છું. સમગ્ર જગત ભગવાન શિવ દ્વારા જ ઉત્પન્ન થાય છે અને એક દિવસ તેમની અંદર જ સમાય જાય છે. જો લિંગરૂપનુ પૂજન થાય છે તો તેમાં સમસ્ત બ્રહ્માંડનું પૂજન થઇ જાય છે તેથી શિવ જ એક એવા ભગવાન છે કે જેમને પ્રતિમા અને લિંગ બંને રૂપમાં પૂજવામાં આવે છે.

સૃષ્ટિ,પાલન,સંહાર,તિરોભાવ અને અનુગ્રહ-આ પાંચ મારાં જગત સબંધી કાર્યો છે. સંસારની રચનાના આરંભને સર્ગ કે સૃષ્ટિ કહે છે.મારા દ્વારા પાલિત સૃષ્ટિ સુસ્થિરરૂપે રહે છે તેને સ્થિતિ કહે છે. તેના વિનાશને સંહાર કહે છે. પ્રાણોના ઉત્ક્રમણને તિરોભાવ કહે છે અને આ બધાથી છુટકારો મેળવવો એ જ મારો અનુગ્રહ છે.સૃષ્ટિ પાલન સંહાર અને તિરોભાવ વગેરે ચાર કૃત્ય સંસારનો વિસ્તાર કરનાર છે.પાંચમુ કૃત્ય અનુગ્રહ મોક્ષનો હેતુ છે.મારા ભક્તો આ પાંચેય કૃત્યોને પાંચ ભૂતોમાં જુવે છે.સૃષ્ટિ ભૂતલમાં, સ્થિતિ જળમાં, સંહાર અગ્નિમાં, તિરોભાવ વાયુમાં અને અનુગ્રહ આકાશમાં સ્થિત છે.

લિંગ શબ્દ સૂક્ષ્મ શરીરના અર્થમાં પણ વપરાય છે. સૂક્ષ્મ શરીરના મૂળમાં ઓગણીસ તત્વ છે. પાંચ જ્ઞાનેન્દ્રિયો (આંખ કાન નાક જીભ અને ત્વચા) પાંચ કર્મેંદ્રિયાં(હાથ પગ મુખ ગુદા અને ઉપસ્થ) પાંચ પ્રાણ (પ્રાણ અપાન સમાન વ્યાન ઉદાન) મન બુદ્ધિ ચિત્ત અને અહંકાર.આ બધાના દાતા શિવ છે.પ્રલયકાળમાં આ ઓગણીસ તત્વો શિવમાં સમાય જાય છે.શિવ અને શક્તિ બંને લિંગ રૂપમાં સમાયેલ છે.શક્તિ વગર શિવ અધૂરા છે અને શિવ વગર શક્તિનુ અસ્તિત્વ નથી તેથી લિંગરૂપમાં પૂજન કરવાથી બંનેની કૃપા પ્રાપ્ત થાય છે.(શિવપુરાણ)

જન્મદિને વધામણી

રાજન ભરતભાઈ શાહ
સહમંત્રી,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૪૦ ૫૪૯૪૦

ભરતભાઈ પંડ્યા
(સિટી એન્જિનિયર, મનપા)
મો. ૯૮૯૮૧ ૪૭૦૭૨

નૂપુર સોની
લાયોનેસ ક્લબ

ભવ્યાબા ધર્મેન્દ્રસિંહ મહીડા
મો. ૯૫૭૪૧ ૨૩૪૫૨

જીગર ત્રિવેદી
મો. ૯૮૯૮૩ ૧૮૮૧૫

તેજસ પટેલ
મો. ૯૯૦૪૦ ૮૦૦૩૫

રિતેષ રાવત
મો. ૯૬૬૨૪ ૪૭૬૬૩

પટેલ રક્ષિત
મો. ૯૫૭૪૧ ૨૩૪૫૨

જીયા ઉપેશકુમાર સોલંકી
મો. ૯૬૬૨૬ ૮૬૭૫૬

રાશિ ફોરમકુમાર વસાવડા

મીનલ મેહુલ શાહ
મો. ૯૫૩૭૭ ૭૨૨૫૬

મોહંમદ માઝ
મો. ૯૮૯૮૧ ૩૦૨૫૨

વિશાખા જયપાલ સંઘદીપ

કાર્તિકેય સોબતી
મો. ૯૪૨૭૬ ૨૬૬૯૬

રૂષિ જીતેન પટેલ

દિપક એમ.ગાંધી
મો. ૯૮૨૫૦ ૬૮૧૩૪

શાહપુર શાળાના આચાર્યનું સન્માન

ગાંધીનગર, તા.૨૪

વાત્સલ્ય ફાઉન્ડેશન દ્વારા તા. ૨૩ ઓગસ્ટના રોજ ગુરુ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં રાજ્યના ૧૪૧ શિક્ષકોને શાળામાં કરેલ વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરી બદલ રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરના હસ્તે પ્રમાણપત્ર આપીને સંમતિ કરવામાં આવ્યા. જેમાં ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ ભૂલાભાઈ પ્રજાપતિનું પણ પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે સાંસદ શારદાબેન પટેલ, કલેકટર એમ. નાગરાજન, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. ઓમપ્રકાશ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.

શ્રધ્ધા અને વિશ્વાસના ગનીભૂત સ્વરુપ ભગવાન પિનાક પાણિ ચંન્દ્રશેખર શિવ અને શિવાદેવી જ્યાં પોતાના બાર જ્યોતિલીગ સહિત બિરાજમાન છે એવા ગુજરાતના સુપ્રસિધ્ધ યાત્રાધામ બાબા બર્ફાની ભગવાન અમરનાથધામના દર્શનાર્થે વિદ્યાર્થીઓ ખૂબ મોટી સંખ્યામાં પધાર્યા હતા સાબરમતી નદીના પવિત્ર પટાગણ અને કુદરતી વનરાજીમાં બિરાજમાન ભગવાન અમરનાથ ના સાનિધ્યમાં " હર હર શંભુ શિવ મહાદેવા' ની ભક્તિમય ધૂન માં મગ્ન બની વિદ્યાર્થીઓ શિવમય બન્યા હતા.

પેથાપુર ખાતે મંત્રી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતા 'મિલેટ્સ વાનગી સ્પર્ધા' યોજાઈ

મિલેટ્સ સ્વાસ્થ્ય માટે સંપૂર્ણ પોષણયુક્ત આહાર છે; દીકરીઓ અને નાના બાળકો માટે મિલેટ્સની વાનગીઓ વધુ લાભદાયી : મંત્રી ભાનુબેન બાબરિયા

ગાંધીનગર, ગુરુવારઃ

ગાંધીનગરના પેથાપુર ખાતે રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ભાનુબેન બાબરિયાની અધ્યક્ષતામાં અમદાવાદ ઝોન કક્ષાની 'મિલેટ્સ વાનગી સ્પર્ધા' યોજાઈ હતી. 'મિલેટ્સ વાનગી સ્પર્ધા'માં આઈ.સી.ડી.એસના અમદાવાદ ઝોનના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં તેમણે મિલેટ્સમાંથી બનાવેલી સ્વાદિષ્ટ વાનગીઓ રજૂ કરી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રીએ મિલેટ્સ વર્ષની વૈશ્વિક ઉજવણીનો પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને શ્રેય આપતા જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી જ સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ્સ વર્ષ તરીકે ઉજવવાની ઘોષણા કરી હતી. મંત્રીશ્રીએ મિલેટ્સનું મહત્વ જણાવતા કહ્યું હતું કે, 'મિલેટ્સ સ્વાસ્થ્ય માટે સંપૂર્ણ પોષણયુક્ત આહાર છે. મિલેટ્સનો વ્યાપ અને જાગૃતિ વધે તે માટે સરકારશ્રીએ આંગણવાડી કક્ષાએથી જ માતાઓ બહેનોને અવગત કરાવ્યા છે. તાલુકા, જિલ્લા અને ઝોનલ કક્ષાની 'મિલેટ્સ વાનગી સ્પર્ધા'ની ઉજવણી એનો જ એક ભાગ છે.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા મેયર શ્રી હિતેશ મકવાણાએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે આજની પેઢી જંકફૂડ છોડીને મિલેટ્સ તરફ વળે એ જરૂરી છે. તેમણે ઉપસ્થિત સૌ લોકોને 'તંદુરસ્ત ગુજરાત અને તંદુરસ્ત ભારત'ના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા માટે મિલેટ્સનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઈ પટેલ, ગાંધીનગરના મહિલા અને બાળ વિકાસ કચેરીના એડિશનલ સેક્રેટરી અને ઈન્ચાર્જ શ્રી રણજીતકુમાર, અમદાવાદ જિલ્લાના મહિલા અને બાળ વિકાસ નાયબ નિયામક શ્રી ઈલાબા રાણા, ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સિલર શ્રી અનિલસિંહ વાઘેલા, શ્રીમતી દિપ્તીબેન પટેલ, શ્રીમતી પારૂલબેન, મહિલા મોરચાના મહામંત્રી શ્રીમતી હર્ષાબા, આંગણવાડીની બહેનો, બાળકો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મહારાષ્ટ્ર પ્રવાસન સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસાને દર્શાવવા તૈયાર

મહારાષ્ટ્ર સરકારના પ્રવાસન નિર્દેશાલયે, મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે મહારાષ્ટ્રને આરોગ્યપ્રદ સ્થળ તરીકે પ્રમોટ કરતી વખતે વેપારીઓને તેમના ટુરિઝમ પ્રોડક્ટ્સનું પ્રદર્શન કરવા માટે ડાયનામિક પ્લેટફોર્મ સ્થાપિત કરવા માટે સમગ્ર ભારતમાં વ્યાપક વેપાર મેળામાં સહભાગિતા અને આઉટરીચ હાથ ધર્યું છે.

આ વેપાર મેળો પ્રવાસન ઉદ્યોગમાં પ્રાદેશિક અને વૈશ્વિક ભાગીદારો સાથે નવા વેપાર સંબંધો શરૂ કરવાની તક હતી. પ્રવાસન નિર્દેશાલય, મહારાષ્ટ્ર સરકાર પેવેલિયનમાં ૨૩ પ્રવાસન કંપનીઓની ભાગીદારી જોવા મળી હતી. શ્રી પ્રશાંત સવાઈ, નાયબ નિયામક, નાગપુર પ્રદેશ, પર્યટન નિયામક, મહારાષ્ટ્ર સરકાર અને શ્રી નિરગુડે, પ્રવાસન અધિકારી (આઈટી/તાલીમ/એચઆરડી), પ્રવાસન નિયામક, મહારાષ્ટ્ર સરકાર એ સમગ્ર મહારાષ્ટ્રમાંથી કંપનીઓના અગ્રણી પ્રતિનિધિઓની હાજરીમાં એક્ઝિબિશન સ્ટોલનું ઉદ્ઘાટન કર્યું. મહારાષ્ટ્ર પ્રવાસન એક ગતિશીલ પ્લેટફોર્મ સ્થાપિત કરવા માટે સમગ્ર ભારતમાં અભૂતપૂર્વ પ્રવાસ શરૂ કરી રહ્યું છે જે મહારાષ્ટ્રમાં પ્રવાસનને પ્રોત્સાહન આપતી વખતે વેપારીઓને તેમના ઉત્પાદનોનું પ્રદર્શન કરવા સક્ષમ બનાવે છે.

આ મેળો પ્રાદેશિક અને વૈશ્વિક ભાગીદારો સાથે નવા વેપાર સંબંધો શરૂ કરવાની અનોખી તક રજૂ કરે છે.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારમાં લાભાર્થીને સ્ટીલની સ્ટીક અને અમુકને પ્લાસ્ટીક આપ્યા હતા.

શહેરના કવિ બાબુલાલ નાયકને પ્રતિષ્ઠિત પારિતોષિક અપાશે

ગાંધીનગર તા.૨૪

અમદાવાદના કવિલોક ટ્રસ્ટ દ્વારા સિદ્ધહસ્ત સાહિત્યકાર અને કવિલોક સામાયિકના પૂર્વ તંત્રી ધીરુ પરીખની સ્મૃતિમાં આ વર્ષથી પારિતોષિક આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ અંગે નિયમ એવો રખાયો છે કે વર્ષ દરમિયાનના કવિલોકમાં પ્રકાશિત થયેલા કાવ્યોમાંથી શ્રેષ્ઠ કાવ્યને નિર્ણાયક દ્વારા પસંદ કરાવી તેનાં કવિને આ ચંદ્રક આપવાનું ઠરાવાયુ છે.એ સંદર્ભે શહેરના જાણીતા સર્જક અને ગાંધીનગર સાહિત્યસભાના સક્રિય સભ્ય કવિ બાબુલાલ નાયકને આ વર્ષનું પારિતોષિક આપવાનું જાહેર થયું છે. કવિ બાબુલાલ નાયકને પ્રાપ્ત થયેલ આ પ્રતિષ્ઠિત પારિતોષિક બદલ નગરના અગ્રણી કવિઓ હરિકૃષ્ણ પાઠક, દલપત પઢિયાર, કિશોર જિકાદરા તેમજ ગાંધીનગરની સાહિત્યસભાના અધ્યક્ષ રમેશ ઠક્કર તેમજ અન્ય અગ્રણી સાહિત્યકારોએ અભિનંદન પાઠવ્યા છે.

બ્રહ્માકુમારીની બહેનો દ્વારા હોમગાર્ડના જવાનોને રાખડીઓ બાંધવામાં આવી

જિલ્લા કમાન્ડન્ટ શ્રી વી.આર.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ તથા સેકન્ડ ઈન કમાન્ડ અને ગાંધીનગર હોમગાર્ડઝ યુનિટના ઓફિસર કમાન્ડીંગ સી.એમ. પરમારના નેતૃત્વમાં પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, સેક્ટર-૨૮ ના કૈલાસદીદીના સાનિધ્યમાં રક્ષાબંધનના પાવન પ્રસંગે હોમગાર્ડઝના અધિકારીશ્રીઓ તથા મહિલા/પુરુષ હોમગાર્ડઝ સભ્યોને રાખડી બાંધી વ્યસન મુક્તિનો શુભસંકલ્પ લેવડાવવામાં આવેલ હતો. તથા ભારત સરકારના વૈજ્ઞાનિકોની મહેનતથી ચંદ્રયાન-૩ નું ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક લેન્ડિંગ થતાં ઈસરોના સૌ વૈજ્ઞાનિકોને તથા પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીને ખૂબ ખૂબ શુભકામનાઓ અને અભિનંદન પાઠવવામાં આવેલ હતા.કાર્યક્રમમાં ગાંધીનગર હોમગાર્ડઝ યુનિટના અધિકારીઓ, એન.સી.ઓ. તથા મહિલા/પુરુષ હોમગાર્ડઝ સભ્યો હાજર રહ્યા હતા.

સમાચાર પસંદગી માટે
પીઆરબી એક્ટ હેઠળ
જવાબદાર વ્યવસ્થાપક
મયુર જી.પટેલ
ફોન નં. : 23222571,
મો.નં.98797 97884
ઈમેઈલ : Gandhinagar samachar@gmail.com

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પ્રજાપતિ જોઈતાભાઈ માધાભાઈ ઉ.વ.૬૫, બાલવા, માણસા
- સ્વ.ધારેખાન વૈદ્યનાથ ચૈતન્યનાથ ઉ.વ.૫૬, ગાંધીનગર
- સ્વ.બિહોલા અર્જુનસિંહ ઉદેસિંહ ઉ.વ.૭૫, ગાંધીનગર

આજે શિવ મહિમ્ન પાઠ

શ્રાવણ માસ નિમિત્તે મહેશભાઈ ઠાકર, સે. ૨૬ના નિવાસ સ્થાને શિવ મહિમ્ન પાઠનું આયોજન કરાયું છે. જેનો ભાવિક ભક્તોને લાભ લેવા જણાવાયું છે.